# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૩૧ તા.૨૩-૬-૧૫

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે:

વિષય : ગણિત સજ્જતાકાર્ય અને "સ્માર્ટ લર્નિંગ" કાર્યક્રમના અમલીકરણ બાબત.

આથી મ્યુનિ. શાળાના તમામ મુખ્યશિક્ષકશ્રીઓને જણાવવાનું કે નગર શિક્ષણ સમિતિ અમદાવાદ દ્વારા ધોરણ 6,7 અને 8 માં ગણિત અને વિજ્ઞાન ટેક્નોલોજી વિષયના અધ્યયનકાર્યને "સ્માર્ટ લર્નિંગ" કાર્યક્રમ અંતર્ગત સમાવેશ કરેલ છે. મ્યુનિ. સ્કુલ બોર્ડની તમામ અપર પ્રાયમરી શાળાઓમાં તા.26/6/2015થી બાયસેગ ચેનલ નં : 11 ઉપર સવારપાળી અને બપોરપાળીના સમય પત્રક મુજબ ગણિત અને વિજ્ઞાન વિષયના વિડીયો લેશનનું અજમાયશ પ્રસારણ કરવામાં આવનાર છે.

આ અંતર્ગત નીચેની બાબતે ચુસ્તપણે કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

**ગણિત સજ્જતાકાર્ય :**

- ધો: 6,7 અને 8 ના વિદ્યાર્થીઓને અગાઉના ધોરણના ગણન કૌશલ્યોનો મહાવરો કરાવવા "ગણિત સજ્જતા કાર્યપોથી" નો તા: 4/7/2015 સુધીમાં ઉપયોગ કરવો.
- વિદ્યાર્થીએ કરેલ ગણિત સજ્જતાકાર્યને જે તે વિષય શિક્ષક દ્વારા નિયમિત ચકાસવું અને તેને અનુષાંગિક ઉપચારાત્મક કાર્ય કરાવીને વિદ્યાર્થીને ચાલુ સત્ર માટે સજ્જ કરવો.
- તા: 6/7/2015થી જે તે ધોરણના પ્રથમ સત્રનું ગણિતનું અધ્યાયન કરાવવું.

**સ્માર્ટ લર્નિંગ વિડીયોક્લાસ :**

### (A) એક ટીવીવાળી શાળાઓ:

જે શાળાઓમાં હાલ એકજ ટીવી છે. તેઓએ એક વર્ગને વિડીયોક્લાસ તરીકે ઉપયોગ કરવો. આ વર્ગમાં બાયસેગ કનેક્શન સાથેનું ટીવી ગોઠવવું. આ સાથેના સમયપત્રક મુજબ ગણિત-વિજ્ઞાનના વિડીયોક્લાસ હોય ત્યારે જે તે ધોરણમાં વિદ્યાર્થીઓને વિડીયો કલાસમાં લાવવા.

### (B) ત્રણ ટીવીવાળી શાળાઓ:

જે શાળાઓમાં ત્રણ ટીવી છે તેઓએ ત્રણ વર્ગને વિડીયોક્લાસ તરીકે ઉપયોગમાં લેવાના છે.

વિકલ્પ-૧: જે શાળામાં ધો: 6,7,8ના એક-એક વર્ગ હોય તેઓએ ત્રણ વર્ગને સ્વતંત્ર જે તે ધોરણના વિડીયોક્લાસ તરીકે ઉપયોગ કરવો.

દા.ત:

વિડીયોક્લાસ-1 (ધો:6), વિડીયોકલાસ-2 (ધો:7) અને વિડીયોક્લાસ -3 (ધો:8)

વિકલ્પ-૨: જે શાળામાં ધો: 6,7,8ના એકથી વધારે વર્ગો હોય તેઓ ત્રણ વર્ગને વિડીયોક્લાસ તરીકે વાપરીને વધારે વર્ગો કવર કરી શકશે.

દા.ત:

વિડીયોકલાસ-1 (ધો:6 અ), વિડીયોકલાસ-2 (ધો:6 બ) અને વિડીયો કલાસ-3 (ધો:6 ક)

વિડીયોકલાસમાં ટીવી, સ્પિકર વગેરેની સલામતી જળવાય તે માટે ખાસ કાળજી રાખવી. પાળીવાળી શાળાઓમાં ધો:6,7,8 પછીના ધો:1 થી 5ના વર્ગોમાં બાળકો દ્વારા ટીવીને નુકશાન ન પહોંચે તેની ખાસ તકેદારી બંને પાળીના મુખ્ય શિક્ષકો અને વર્ગ શિક્ષકોએ રાખવી.

- બાયસેગની એક ડીશમાંથી ત્રણ ટીવી સુધીના કનેક્શન કરી શકાશે.
- વિડિયોકલાસ અંતર્ગત જરૂરી વિજળીકરણ, સામાન્ય રીપેરીંગ શાળાકક્ષાએથી જ મુખ્ય શિક્ષકે શાળાવિકાસ ગ્રાન્ટમાંથી કરી લેવું.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પ્રસારણ - સમયપત્રક:**

- "સ્માર્ટ લર્નિંગ કાર્યક્રમ" બાયસેગની ચેનલ નંબર 11 (અગિયાર) પર પ્રસારિત થશે.
- આ માટેનું સમયપત્રક આ સાથે બિડાણમાં આપવામાં આવેલ છે.

**વર્ગશિક્ષણ કાર્ય:**

- આ કાર્યક્રમ અંતર્ગત દરેક પ્રકરણનો વિકાસક્રમ વિડિયોલેશન (VL), શિક્ષક દ્વારા અધ્યાપન(TL) , યુનિટ (UT) ટેસ્ટ અને ઉપચારાત્મક કાર્ય (RW)માં વહેંચાયેલો છે.

દા.ત :

ધોરણ :૬ વિષય: વિજ્ઞાન પ્રકરણ :૧. ચુંબક

| | | |
|---|---|---|
| વિડિયો લેસન | તાસ | = ૦૪ (તા: ૨૬, ૨૯ જૂન, તા: ૧, ૩ જુલાઈ) |
| શિક્ષક દ્વારા | તાસ | = ૦૪ (તા: ૨૭, ૩૦ જૂન, તા: ૨, ૪ જુલાઈ) |
| યુનિટ ટેસ્ટ | તાસ | = ૦૧ (તા: ૬ જુલાઈ) |
| ઉપચારાત્મક કાર્ય | તાસ | = ૦૧ (તા: ૭ જુલાઈ) |
| કુલ તાસ | | ૧૦ |

આ માટે બિડાણમાં આપવામાં આવેલ તારીખ મુજબના શિડ્યુલ પ્રમાણે વિડીયો લેશન માટે જે તે ધોરણના વિદ્યાર્થીઓને વિડીયો કલાસમાં લઈ જવા.

વિડીયો કલાસ દરમ્યાન પણ શિક્ષકની ભૂમિકા મહત્વની છે. આથી જે તે વિજ્ઞાન શિક્ષકે ચાલુ વિડીયો કલાસ દરમ્યાન પણ દર્શાવવામાં/જણાવવામાં આવે તે પ્રવૃતિઓ કરવાની/કરાવવાની છે. દરેક લેસન માટે જરૂરી પ્રાયોગિક(પ્રેક્ટીકલ) સામગ્રી વર્ગમાં હાજર જ રાખવી.

સામાન્ય રીતે દરેક વિડીયો લેશન પાઠયસામગ્રીના વિકાસક્રમ આધારિત જ છે. આથી શિક્ષકે વિડીયો લેશન પછીના બીજા દિવસે તે જ વિષયના તાસમાં પોતાની રીતે પાઠયસામગ્રીના વિષયવસ્તુ-સંકલ્પનાઓ વિદ્યાર્થીઓ સરળતાથી સમજી શકે તે માટે અધ્યાપન કરાવવાનું છે.

મૂલ્યાંકન: વર્કશીટ-યુનિટ ટેસ્ટ

પ્રત્યેક વિડીયો લેશન પછી ૮ થી ૧૦ મિનિટનો યુનિટ ટેસ્ટ લેવાનો છે. આ માટે CRC-CO મારફતે તમામ શાળાઓને જે તે યુનિટને અનુરૂપ તૈયાર કરેલ યુનિટ ટેસ્ટની કોપી પહોંચાડેલ છે.

યુનિટ ટેસ્ટ ઉપર દર્શાવેલ કોડ નીચે મુજબના છે.

દા.ત : ધો:૬ **S - 1 . 1, S - 1 . 2, S - 1 . 3, S - 1 . 4,**

**S - 1 . 1**

↓ ↓ ↓

વિજ્ઞાન પ્રકરણ 1 પહેલો વિડીયો લેશન તાસ

દરેક વિડીયો લેસન બાદ લીધેલ યુનિટ ટેસ્ટને તે જ દિવસે વિષયશિક્ષકે ચકાસી લઈ તેનું ૧૦ ગુણમાંથી ગુણાંકન કરવાનું રહેશે. આ વર્કશીટને જે તે વિદ્યાર્થીને આપવામાં આપનાર ફાઈલમાં ફાઈલ કરવાની રહેશે. હાલ પૂરતું આ વર્કશીટના સેટને યુનિટવાર બંડલ બનાવીને વર્ગમાં સાચવવાના રહેશે.

સમગ્ર પ્રકરણના અધ્યયનને અંતે જે તે પ્રકરણની યુનિટ ટેસ્ટ લેવાની રહેશે. જેનું ગુણાંકન ૨૫ ગુણનું છે.

દા.ત : **S - 1**

↓ ↓

વિજ્ઞાન પ્રકરણ 1 નો યુનિટ ટેસ્ટ

ઉપચારાત્મક કાર્ય:

- યુનિટ ટેસ્ટની ચકાસણી કરવાથી વર્ગના વિદ્યાર્થીઓનો અધ્યયન નિષ્પતિ (Learning Outcomes) ની ખબર વિષય શિક્ષકને પડશે. વિષયશિક્ષકે તેને આનુષાંગિક ઉપચારાત્મકકાર્ય બીજા દિવસના તાસમાં અવશ્ય કરવાનું રહેશે.

બિડાણ : (૧) સવારપાળી/બપોરપાળીનું સમય પત્રક

(૨) તારીખ મુજબ પ્રસારણ સમય પત્રક

તા. ૨૩-૬-૧૫

ડૉ.એલ.ડી.દેસાઈ

શાસનાધિકારી

| નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| સમય પત્રક ( જુન) | | | | | | | |
| તારીખ | વાર | ધોરણ - 6 | | ધોરણ - 7 | | ધોરણ - 8 | |
| | | SCI | MATHS | SCI | MATHS | SCI | MATHS |
| 26-Jun | શુક્રવાર | 1. 1 | ગણિત સજજતા કાર્ય | 1. 1 | ગણિત સજજતા કાર્ય | 1. 1 | ગણિત સજજતા કાર્ય |
| 27-Jun | શનિવાર | | ગણિત સજજતા કાર્ય | | ગણિત સજજતા કાર્ય | | ગણિત સજજતા કાર્ય |
| 28-Jun | રવિવાર | | | | | | |
| 29-Jun | સોમવાર | 1. 2 | ગણિત સજજતા કાર્ય | 1. 2 | ગણિત સજજતા કાર્ય | 1. 2 | ગણિત સજજતા કાર્ય |
| 30-Jun | મંગળવાર | | ગણિત સજજતા કાર્ય | | ગણિત સજજતા કાર્ય | | ગણિત સજજતા કાર્ય |

## (જુલાઈ)

| તારીખ | વાર | ધોરણ - 6 | | ધોરણ - 7 | | ધોરણ - 8 | |
|---|---|---|---|---|---|---|---|
| | | SCI | MATHS | SCI | MATHS | SCI | MATHS |
| 01-Jul | બુધવાર | 1. 3 | ગણિત સજજતા કાર્ય | 1. 3 | ગણિત સજજતા કાર્ય | 1. 3 | ગણિત સજજતા કાર્ય |
| 02-Jul | ગુરુવાર | | ગણિત સજજતા કાર્ય | - | ગણિત સજજતા કાર્ય | - | ગણિત સજજતા કાર્ય |
| 03-Jul | શુક્રવાર | 1. 4 | ગણિત સજજતા કાર્ય | 1. 4 | ગણિત સજજતા કાર્ય | 1. 4 | ગણિત સજજતા કાર્ય |
| 04-Jul | શનિવાર | | ગણિત સજજતા કાર્ય | - | ગણિત સજજતા કાર્ય | - | ગણિત સજજતા કાર્ય |
| 05-Jul | રવિવાર | | | | | | |
| 06-Jul | સોમવાર | યુનીટ ટેસ્ટ (S-1) | | 1.5 | | યુનીટ ટેસ્ટ (S-1) | |
| 07-Jul | મંગળવાર | ઉપચારાત્મક કાર્ય | 1.1 | | 1.1 | ઉપચારાત્મક કાર્ય | 1.1 |
| 08-Jul | બુધવાર | 2.1 | | યુનીટ ટેસ્ટ (S-1) | | 2.1 | |
| 09-Jul | ગુરુવાર | | 1.2 | ઉપચારાત્મક કાર્ય | 1.2 | | 1.2 |
| 10-Jul | શુક્રવાર | 2.2 | | 2.1 | | 2.2 | |
| 11-Jul | શનિવાર | | 1.3 | | 1.3 | | 1.3 |
| 12-Jul | રવિવાર | | | | | | |
| 13-Jul | સોમવાર | 2.3 | | 2.2 | | 2.3 | - |
| 14-Jul | મંગળવાર | | 1.4 | | 1.4 | - | 1.4 |
| 15-Jul | બુધવાર | 2.4 | | 2.3 | | 2.4 | |
| 16-Jul | ગુરુવાર | | 1.5 | | 1.5 | | 1.5 |
| 17-Jul | શુક્રવાર | યુનીટ ટેસ્ટ (S-2) | | 2.4 | | 2.5 | |
| 18-Jul | શનિવાર | રમઝાન ઈદ, રથયાત્રા | | | | | |
| 19-Jul | રવિવાર | | | | | | |
| 20-Jul | સોમવાર | ઉપચારાત્મક કાર્ય | યુનીટ ટેસ્ટ (M-1) | 2.5 | યુનીટ ટેસ્ટ (M-1) | | યુનીટ ટેસ્ટ (M-1) |
| 21-Jul | મંગળવાર | ઉપચારાત્મક કાર્ય | ઉપચારાત્મક કાર્ય | | ઉપચારાત્મક કાર્ય | યુનીટ ટેસ્ટ (S-2) | ઉપચારાત્મક કાર્ય |
| 22-Jul | બુધવાર | 3.1 | ઉપચારાત્મક કાર્ય | 2.6 | ઉપચારાત્મક કાર્ય | ઉપચારાત્મક કાર્ય | ઉપચારાત્મક કાર્ય |
| 23-Jul | ગુરુવાર | | 2.1 | | 2.1 | ઉપચારાત્મક કાર્ય | 2.1 |
| 24-Jul | શુક્રવાર | 3.2 | | યુનીટ ટેસ્ટ (S-2) | | 3.1 | |
| 25-Jul | શનિવાર | | 2.2 | ઉપચારાત્મક કાર્ય | 2.2 | | 2.2 |
| 26-Jul | રવિવાર | | | | | | |
| 27-Jul | સોમવાર | 3.3 | | 3.1 | | 3.2 | |
| 28-Jul | મંગળવાર | | 2.3 | | 2.3 | | 2.3 |
| 29-Jul | બુધવાર | 3.4 | | 3.2 | | 3.3 | |
| 30-Jul | ગુરુવાર | | 2.4 | | 2.4 | | 2.4 |
| 31-Jul | શુક્રવાર | યુનીટ ટેસ્ટ (S-3) | | 3.3 | | 3.4 | |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ. અમદાવાદ
## સ્માર્ટ લર્નિંગ પ્રોગ્રામ
## ધોરણ : ૬,૭,૮ (સવારપાળીનું સમય પત્રક)

| તાસ | સમય / ધોરણ | સોમવાર | | | મંગળવાર | | | બુધવાર | | | ગુરુવાર | | | શુક્રવાર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૬ | ૭ | ૮ | ૬ | ૭ | ૮ | ૬ | ૭ | ૮ | ૬ | ૭ | ૮ | ૬ | ૭ | ૮ |
| ૧ | ૭.૩૦ થી ૭.૫૦ | પ્રાર્થના | | | પ્રાર્થના | | | પ્રાર્થના | | | પ્રાર્થના | | | પ્રાર્થના | | |
| ૨ | ૭.૫૦ થી ૮.૨૫ | વિજ્ઞાન-વિડિયો | | | વિજ્ઞાન | | | વિજ્ઞાન-વિડિયો | | | વિજ્ઞાન | | | વિજ્ઞાન-વિડિયો | | |
| ૩ | ૮.૨૫ થી ૯.૦૦ | ગણિત | | | ગણિત-વિડિયો | | | ગણિત | | | ગણિત-વિડિયો | | | ગણિત | | |
| ૪ | ૯.૦૦ થી ૯.૩૫ | | વિજ્ઞાન-વિડિયો | | | વિજ્ઞાન | | | વિજ્ઞાન-વિડિયો | | | વિજ્ઞાન | | | વિજ્ઞાન-વિડિયો | |
| ૫ | ૯.૩૫ થી ૧૦.૧૦ | | ગણિત | | | ગણિત-વિડિયો | | | ગણિત | | | ગણિત-વિડિયો | | | ગણિત | |
| | ૧૦.૧૦ થી૧૦.૪૫ | વિરામ | | | | | | | | | | | | | | |
| ૬ | ૧૦.૪૫ થી ૧૧.૨૦ | | | વિજ્ઞાન-વિડિયો | | | વિજ્ઞાન | | | વિજ્ઞાન-વિડિયો | | | વિજ્ઞાન | | | વિજ્ઞાન-વિડિયો |
| ૭ | ૧૧.૨૦ થી ૧૧.૫૫ | | | ગણિત | | | ગણિત-વિડિયો | | | ગણિત | | | ગણિત-વિડિયો | | | ગણિત-વિડિયો |
| ૮ | ૧૧.૫૫ થી ૧૨.૩૦ | | | | | | | | | | | | ગણિત | | વિજ્ઞાન | |

| સમય | શનિવાર | | |
|---|---|---|---|
| | ૬ | ૭ | ૮ |
| ૭.૩૦ થી ૭.૫૫ | પ્રાર્થના, સમુહ કવાયત | | |
| ૭.૫૫ થી ૮.૩૫ | વિજ્ઞાન | | |
| ૮.૩૫ થી ૯.૨૦ | ગણિત-વિડિયો | | |
| ૯.૨૦ થી ૯.૫૫ | વિરામ | | |
| ૯.૫૫ થી ૧૦.૨૫ | | ગણિત-વિડિયો | |
| ૧૦.૨૫ થી ૧૧.૦૦ | | | વિજ્ઞાન |

* અન્ય વિષયોની ગોઠવણી શાળા કક્ષાએ કરવી.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ. અમદાવાદ

## સ્માર્ટ લર્નિંગ પ્રોગ્રામ

## ધોરણ : ૬,૭,૮ (બપોરપાળીનું સમય પત્રક)

| તાસ | સમય / ધોરણ | સોમવાર | | | મંગળવાર | | | બુધવાર | | | ગુરુવાર | | | શુક્રવાર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૬ | ૭ | ૮ | ૬ | ૭ | ૮ | ૬ | ૭ | ૮ | ૬ | ૭ | ૮ | ૬ | ૭ | ૮ |
| ૧ | ૧૨.૩૦ થી ૧.૦૫ | પ્રાર્થના | | | પ્રાર્થના | | | પ્રાર્થના | | | પ્રાર્થના | | | પ્રાર્થના | | |
| ૨ | ૧.૦૫ થી ૧.૪૦ | વિજ્ઞાન-વિડિયો | | | વિજ્ઞાન | | | વિજ્ઞાન-વિડિયો | | | વિજ્ઞાન | | | વિજ્ઞાન-વિડિયો | | |
| ૩ | ૧.૪૦ થી ૨.૧૫ | ગણિત | | | ગણિત-વિડિયો | | | ગણિત | | | ગણિત-વિડિયો | | | ગણિત | | |
| ૪ | ૨.૧૫ થી ૨.૫૦ | | વિજ્ઞાન-વિડિયો | | | વિજ્ઞાન | | | વિજ્ઞાન-વિડિયો | | | વિજ્ઞાન | | | વિજ્ઞાન-વિડિયો | |
| | ૨.૫૦ થી ૩.૨૦ | વિરામ | | | | | | | | | | | | | | |
| ૫ | ૩.૨૦ થી ૩.૫૫ | | ગણિત | | | ગણિત-વિડિયો | | | ગણિત | | | ગણિત-વિડિયો | | | ગણિત | |
| ૬ | ૩.૫૫ થી ૪.૩૦ | | | વિજ્ઞાન-વિડિયો | | | વિજ્ઞાન | | | વિજ્ઞાન-વિડિયો | | | વિજ્ઞાન | | | વિજ્ઞાન-વિડિયો |
| ૭ | ૪.૩૦ થી ૫.૦૦ | | | ગણિત | | | ગણિત-વિડિયો | | | ગણિત | | | ગણિત-વિડિયો | | | ગણિત-વિડિયો |
| ૮ | ૫.૦૦ થી ૫.૩૦ | | | | | | | | | | | | ગણિત | | વિજ્ઞાન | |

| સમય | શનિવાર | | |
|---|---|---|---|
| | ૬ | ૭ | ૮ |
| ૧૨.૪૫ થી ૧.૦૫ | પ્રાર્થના, સમુહ કવાયત | | |
| ૧.૦૫ થી ૧.૪૦ | વિજ્ઞાન | | |
| ૧.૪૦ થી ૨.૨૦ | ગણિત-વિડિયો | | |
| ૨.૨૦ થી ૨.૫૦ | | ગણિત-વિડિયો | |
| ૨.૫૦ થી ૩.૨૦ | વિરામ | | |
| ૩.૨૦ થી ૪.૦૦ | | | વિજ્ઞાન |

* અન્ય વિષયોની ગોઠવણી શાળા કક્ષાએ કરવી.